 ISSN: 2349-6002

# ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સામાજિક જવાબદારી

Dr. Ranjitsinh B. Sarvaiya
*H.O.D. Department of Sociology Dr. V.R. Godhaniya College of Ats's, Commerce, Home Science & IT for Girls, - Porbandar*
*doi.org/10.64643/IJIRTV12I8-191222-459*

## પ્રસ્તાવના

વિધાવગરનો માણસ પશુ સમાન છે અથવા તો અજ્ઞાનતા અને નિરક્ષરતા એ અંધકાર સમાન છે. આ વાકર્યો માનવસમાજમાં શિક્ષણનું મહત્વ દર્શાવે છે. સાબીત કરે છે. શિક્ષણ માનવીને નવી દ્રષ્ટિ આપે છે. જ્ઞાનની ક્ષિતિજો વિકસાવે છે, વિસ્તારે છે માટે જ વિદ્યા ગુપ્ત ધન છે. જે કોઈ ચોરી શકતું નથી. તેનો ઉપયોગ કરવાથી વધે છે. પ્રાચીન સમયમાં રાજવીઓ પણ વિદ્વાનોની શિક્ષણકારોની પૂજા કરતાં આ વાકય દર્શાવે છે કે રાજા કરતાં શિક્ષણ વિદોમાં વધુ બુધ્ધીમત્તા હશે. શિક્ષણથી માનવીનું ઘડતર અને સર્જનાત્મક શકિતનો ઉદય થાય છે. સાથે જ માનવ જરૂરીયાતોની પૂર્તતા માટે એક સાધન બને છે તેવી જ રીતે સમજ પરિવર્તનનું માધ્યમ પણ છે એટલેજ સમાજની અગત્યની જરૂરીયાત શિક્ષણ રહી છે અને શિક્ષણની છાપ માનવી ઉપર રહી છે.

શિક્ષણનાં લાભોમાં કે હકોમાં પ્રાચીનથી પ્રવર્તમાન સુધી અસમાનતા રહી છે એટલે કે શિક્ષણનાં હક અંગેનાં માપદંડનો દિવસે દિવસે બંદલાતા ચાલ્યા છે. પ્રાચીન સમયમાં વર્ણઆનુસાંગીક શિક્ષણઅંગેનાં હકકો હતા ત્યારબાદ જ્ઞાતિ ઉદ્ભવથી જ્ઞાતિ આનુસાંગીક શિક્ષણનાં હકક રહ્યા. બ્રિટીશરોનાં આગમન બાદ શિક્ષણનું રૂઢીચુસ્ત માળખુ હતું તે બદલાયું. જુના અભ્યાસક્રમોનાં સ્થાને યુરોપીયન સાહિત્યનો અને વિજ્ઞાનનો ઉમેરો કરી નવા અભ્યાસક્રમ આપ્યા તેમજ શિક્ષણનાં માધ્યમ તરીકે અંગ્રેજી ભાષા દાખલ કરી આ દરમિયાન શિક્ષણનો લાભ ધનિકો, ઉચ્ચ વર્ગ, સામાજીક ચળવળકારો અને વ્યાપારી વર્ગને મળ્યો આ શિક્ષણથી અંગ્રેજોને જે મેળવવું હતું તે મળ્યું. અલબત્ત આ શિક્ષણથી અમલદારો ઉભા થયાં. મધ્યમ વર્ગ સામાન્ય વર્ગ જે પ્રાથમિક શિક્ષણ લેતાં હતાં તેની અવદશા કે દુર્દશા યથાવત્ત રહી. ૨૦મી સદીમાં કુલ વસ્તીની દશ ટકા વસ્તી સાક્ષર હતી. જે શિક્ષણની અસમાનતા સામે આંગળી ચીંધે છે સ્વતંત્રતા બાદ ભારતમાં અનેક ઉચ્ચ શિક્ષણ કમીશનોની સમયાંતરે સ્થાપના થઈ આ કમીશનોએ અનેક મહત્વની ભલામણો કરી તેમનાં પરિણામ સ્વરૂપે શિક્ષણનો સંખ્યાત્મક અને ગુણાત્મક વિકાસ થયો. ગત ૫૦ વર્ષમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ક્રમશઃ વિકાસ થયો છે. અલબત્ત ઉચ્ચ કોલેજો, ટેકનીકલ વ્યાવસાયીક કોલેજોની સંખ્યા વધી છે.

તેમજ વિધાર્થીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. ટુંકમાં, જે તે વિષયની જરૂરીયાતનાં સંદર્ભમાં ગુણવત્તા વધી છે. પ્રાથમિક શિક્ષણથી બાળકને કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે તેથી વિધાર્થીની સર્જનાત્મક શકિતઓ વધવા તરફ જાય છે. સમય સંજોગો અને સામાજીક પરિસ્થીતી સતત બદલાય છે. બદલાતા પરિઘમાં શિક્ષણની જવાબદારી પણ બદલાય છે. શિક્ષણની જવાબદારી મર્યાદીત હતી. આઝાદી બાદ ઉચ્ચ શિક્ષણની જવાબદારીમાં અનેક ગણો વધારો થયો છે. શિક્ષણનું કામ ફકત શિક્ષણ આપવા પુરતું મર્યાદીત રહ્યું નથી શિક્ષણની અનેકવિધ સામાજીક જવાબદારીઓ છે.શિક્ષણ વ્યાપક સમાજનાં હિત સાથે કલ્યાણ સાથે જોડાયેલું છે એટલેજ શિક્ષણમાં સમાજનાં સવાલોનું પર્યાવરણનું નિતિનું કાયદાનું રાષ્ટ્રિયતાનું ચારિત્ર્ય ઘડતરનું શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષણનો હેતું વ્યકિતને જ્ઞાનથી અભિમુખ કરવો અને સમાજમાં પ્રશ્નોનું પ્રમાણ ઘટાડવા માટે વૈજ્ઞાનિક સમજ પુરી પાડવી તે રહ્યું છે. એટલે જ કહેવાયું છે ‘શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદ મેં પલતે હૈ' તેમજ શિક્ષકની નિષ્ઠાનું બીજુ વાકય‘ મૈં એક શિક્ષક હુંમુજે ઔર રાષ્ટ્ર ઔર સમાજ કે બારે મેં કુછ સોચનાં ચાહિએ ' રહ્યું છે. આમ આદર્શ સમાજ માટે શિક્ષણ અને શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ રહી છે.

ઉચ્ચ શિક્ષણ સંસ્થાની સામાજીક જવાબદારીઓ :

૧.)સામાજીક ભેદભાવ દુર કરવા અને સામાજીક અંતરમાં ઘટાડો કરવાની જવાબદારી

ભારતીય સમાજમાં પરંપરાગત રીતે અર્પિત દરજ્જાનું મહત્વ વિશેષ પ્રમાણમાં જોવા મળતું હતું.સ્વતંત્રતા બાદ અર્પિત દરજ્જાનાં સ્થાને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ પ્રાપ્ત દરજ્જાનું મહત્વ વધાર્યું. જેનાં કારણે ઉચ્ચ જ્ઞાતિમાં જન્મેલો ઉચ્ચ ગણાય નિમ્ન જ્ઞાતિમાં જન્મેલો નિમ્ન ગણાય જેવી જડ માન્યતા પ્રવર્તતી હતી તે નામશેષથી નાબુદ થવા પામી છે ટુંકમાં શિક્ષણ એ પ્રયત્નોથી પરિણામને પ્રથમ પસંદગી આપી જેનાંથી લાયક વ્યકિતઓ મળ્યા અને શિક્ષણ લીધેલા વ્યકિતમાં વૈચારિક પરિવર્તન હોવાનાં કારણે ઉંચનીચનાં ભેદભાવો પ્રવર્તતા હતાં તેને અપનાવ્યા નહીં. અને વૈજ્ઞાનિક વિચારોને સમર્થન આપ્યું આથી સમાજની અંદર રહેલી સામાજીક અસમાનતાઓ કે સ્તર આધારીત કોટી ક્રમિક વ્યવસ્થાનું મહત્વ ઘટયું અને શિક્ષણથી આવી અસમાનતાઓ ભેદભાવ દુર થયા અને સમાજમાં એકતા પ્રસ્થાપીત કરવાનું કાર્ય શિક્ષણથી શકય બન્યું. તેવી રીતે લૈગિંક દ્રષ્ટિએ જે તફાવતો હતા તેનું પ્રમાણ પણ ઘટયુ છે. અલબત્ત પુત્રજન્મનું મહત્વ સમાજમાં વધુ છે. અને પૂત્રી જન્મનું મહત્વ ઓછું છે. આ જન્મનું પ્રમાણ અંગેનાં લોકવલણોને પરિવર્તીત કરવાનું કામ છે. સ્ત્રી પ્રત્યેનાં પરંપરાગત સ્ત્રી એટલે ગવાર, સ્ત્રી એટલે સાપનો ભારો, દિકરી અને ગાય દોરે ત્યાં જાય જેવા વલણોમાં પણ શિક્ષણને કારણે પરિવર્તન આવ્યું છે. શિક્ષણથી પુત્ર-

 ISSN: 2349-6002

પુત્રી એકસમાન છે. એવી લોકોમાં લાગણી ઉભી થઈ છે. ટુંકમાં જન્મનો ભેદભાવ, ઉછેરનો ભેદભાવ ઘટયો છે. લોકમાનસમાં રહેલું સામાજીક અંતર પણ ઘટયું છે. તેથી સમાનતાં અને બંધુતાનાં ખ્યાલો વિકસ્યા છે. ઉચ્ચ શિક્ષણની સુવિધાથી દરજ્જા પરિવર્તન થયું છે અને સમાનતા શકય થઈ છે. શિક્ષણે માનવ સમાજની અંદર રહેલા ભેદભાવો અને સામાજીક અંતર ઘટાડવાનાં હેતુથી અભ્યાસક્રમોમાં સમાવિષ્ટ મુદ્દાઓ તરીકે અધ્યયનમાં લેવાયા છે. વિધાર્થીઓને માહિતગાર કરાય છે. શિક્ષણે આ પોતાની જવાબદારી છે તેમ માનીને કાર્ય કર્યુ છે.

૨. સમુદાયની શકિતઓને માર્ગીકૃત કરે છે. :-

કોઈપણ વ્યકિત હોય, જુથ હોય, સંગઠન હોય કે સમુદાય હોય દરેકમાં વિપુલ પ્રમાણમાં ક્ષમતા અને શકિત રહેલી છે. આ ક્ષમતા અને શકિત કાં તો હકારાત્મક માર્ગ તરફ વળે છે અને કાં તો નકારાત્મક માર્ગ તરફ વળે છે. શિક્ષણ જે વંચીત છે. તેમાં જાગૃતતા ન હોવાનાં કારણે વૈચારિકતા ન હોવાનાં કારણે તેની શકિત અને ક્ષમતા નકારાત્મક માર્ગ તરફ વળે છે અને કુટુંબમાં રહેલા બાળકોની અંદર પણ નકારાત્મક વલણ વિકસે છે. અને તે પણ નકારાત્મક રસ્તે દોરવાય તેવી શકયતા રહેલી છે. શિક્ષણથી માનવી જુથ સંગઠન કે સમુદાયની શકિત હકારાત્મક (પોઝીટીવ) માર્ગ તરફ વળે છે વ્યકિતનાં જડ વલણો વિચારોની જગ્યાએ શિક્ષણ વૈજ્ઞાનિક અને પ્રવાહીત વિચારો આપે છે. તેમજ શિક્ષણ વ્યકિતનાં રોગીષ્ટ વિચારોનું બ્રેઈન વોશ કરે છે. એટલે શિક્ષણનાં કારણે જડ વલણ તુટે છે. જડ માનસીકતા તુટે છે એટલે સમાજમાં શિક્ષણ માનવીને રસ્તાનાં ડાયવર્ઝન સમજાવે છે. કયો રસ્તો કયા વિકાસ તરફ જાય છે તે દર્શાવે છે અને માનવજીવનમાં સંઘર્ષનું પ્રમાણ ઘટાડે છે તેમજ શિક્ષણથી જીવન ગુણવત્તા સુધરે છે. શિક્ષણથી વ્યકિત માહિતગાર થયો છે, અલબત્ત આ દેશનાં કયાં ખુણામાં શુ ચાલી રહ્યું છે તેનાંથી શિક્ષણનાં કારણે વાકેફ થયો છે. ટુંકમાં, વ્યકિત માર્કેટથી, કિંમતથી જાણકાર થયો છે. એટલે છેતરાતો બંધ થયો છે. તેમજ શાહુકારનાં વ્યાજનો દર અને કઈ બેંકનો વ્યાજદર શું છે ? તેનાંથી વાકેફ હોવાનાં કારણે શાહુકારોનાં શોષણનો ભોગ બનતો નથી. દુષ્કાળ, અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતીમાં ખેડુતોની દયનીય હાલત હોય છે. આ કંગાલ જીવન પરિસ્થિતીમાં સરકાર દ્વાર પાક વિમા યોજનાં અંતર્ગત આર્થિક મદદ મળે છે. એટલે ખેડુત અપરાધ તરફ વળતો બંધ થયો છે. ટુંકમાં આ બધીજ માહિતી, આ બધાજ માર્ગો વગેરેની માહિતી તેમજ સહકારી પ્રવૃતિ, સંગઠન, ચળવળ, માનવ અધિકાર વિશેની, કાયદા વિશેની, સમસ્યા નિવારણ વિશેની, વિકાસ યોજના વિશેની માહિતી શિક્ષણ દ્વારા મળે છે અને આ માહિતિથી વ્યકિત, જુથ, સંગઠન અને સમુદાયની વ્યકિતની શિક્ષણ આપીને કે શિક્ષણ દ્વારા માર્ગીકૃત કરી શકાય છે. ટુંકમાં, આ બધાજ માટે શિક્ષણ હોકાયંત્ર અને દીવાદાંડી સમાન છે. એટલે જ કહેવાયું

 ISSN: 2349-6002

છે કે શિક્ષણ એ સમાજની આંખો છે અને આ આંખો દ્વારા દ્રશ્ય જોઈને વ્યકિતને માર્ગદર્શન પુરૂ પાડવાની જવાબદારી શિક્ષણ નિભાવે છે.

૩. આયોજીત અને ટકાઉ વિકાસ :-

બદલાતા સમય સાથે સવાલો અને વિકાસનાં ખ્યાલો પણ બદલાતા રહે છે. અને વિકાસનાં મોડલ પણ બદલાય છે. વિકાસનાં પૂર્વેનાં ખ્યાલો તુટે છે અને નવા ખ્યાલોનું અસ્તીત્વ તુટે છે. પૂર્વે માનવીની માથા દીઠ આવક થાય એટલે રાષ્ટ્રિય આવકમાં વધારો થશે એટલે વિકાસ થયો એમ કહેતાં આજે વિકાસનો ખ્યાલ જ બદલાય ગયો છે. પ્રાચીન વિકાસનો ખ્યાલ આજે જોવા મળતો નથી. વિકાસનો બહુમુખી ખ્યાલ આજે અસ્તિત્વમાં આવ્યો છે માનવજીવનનાં તમામ ક્ષેત્રમાં હકારાત્મક ગુણાત્મક પરિવર્તન એટલે વિકાસ. દા.ત. શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પશુપાલન, ઉદ્યોગ ગામડાં, જીવન શૈલી, સ્ત્રીઓની સ્થિતી આ બધામાં વિકાસક્રમ આગળ પ્રગતિ કરે ત્યારે વિકાસ થયો એમ કહેવાય,ટુંકમાં આર્થિક વિકાસથી સામાજીક વિકાસ સર્જાય અને માનવીની જીવન સ્થિતીમાં સુધારો થાય માનવીની સામાજીક, આર્થિક, શૈક્ષણિક તમામ સ્થિતિમાં પરિવર્તન સર્જાય ત્યારે ટકાઉ વિકાસ થયો એમ કહેવાય. ટકાઉ વિકાસ એટલે કે રીસોર્સને રીવીઝન કરવા( પુનઃસ્થાપીત કરવા) આવનારી પેઢીને વિકાસનું સાતત્ય જાળવવામાં જોતરવી અને ભવિષ્યનાં લોકોને વિકાસ કરવામાં મદદરૂપ થાય એવા વિકાસને ટકાઉ વિકાસ કે નિરંતર વિકાસ તરીકે ઓળખી શકાય. વિકાસનું સાતત્ય જળવાય તોજ વિકાસનું ફળ મળે. ટુંકમાં, આયોજીત વિકાસ, ઈચ્છીત વિકાસ અને ટકાઉ વિકાસની વાત ઉચ્ચ શિક્ષણની અંદર થયેલી છે અને તે અંગેનું લોકોને શિક્ષણ આપીને કે તે અંગેનાં શિક્ષણ દ્વારા ટકાઉ વિકાસ કરવાની જવાબદારી શિક્ષણે લીધેલી છે.

૪. સામાજીક સમસ્યા ઘટાડવાનાં માર્ગો પુરા પાડવાની જવાબદારી :-

સમાજમાં પ્રવર્તતી સમસ્યાએ ઈશ્વરીય દેન છે. તેવું નિરક્ષર અથવાતો અશિક્ષીત પ્રજા માને છે. એવી જ દુષ્કાળ અતિ વૃષ્ટિ, વાવાઝોડુ, ભુકંપ જેવી કુદરતી સમસ્યાઓ પણ ઈશ્વરે સજેલી છે. અને તેને પાપ કે પુણ્યનાં ખ્યાલ સાથે સરખાવે છે ટુંકમાં જયાં શિક્ષણ નથી ત્યાં આવા અંધ શ્રધ્ધાનાં ખ્યાલો છે, અંધ વિચારો છે તેઓ દરેક ક્રિયાન ઈશ્વરીય શકિત સાથે મુલવશે. તેમજ જેમણે શિક્ષણ મેળવ્યુ છે તેઓ પરંપરાગત વલણનો વિરોધનો અને સમસ્યા રાર્જન માટેનાં માન્ય કારણો તપાસશે તે સમસ્યાની અસરો જોશે અને સમસ્યા નિવારણ માટેનાં સુચિત માર્ગો આપશે જે અશિક્ષીત જેવું લોક વલણ નહીં દાખવે કારણકે શિક્ષણથી તેનાંમાં વૈચારિક પરિવર્તન ઉદ્ભવ્યુ હોય છે. દા.ત. અશિક્ષીત માણસ વસ્તી વૃધ્ધિની બાબતને ઈશ્વરીય દેન છે. તેમ ગણાવે છે તેમજ છોકરો કે છોકરી જન્માવનાર ઈશ્વર છે. તેવું વલણ અને માન્યતા ધરાવે છે. ટુંકમાં, ઈશ્વરની ઈચ્છા વગર

 ISSN: 2349-6002

કશુ જ થતું નથી એવી માન્યતાં ધરાવે છે અને વસ્તી વૃધ્ધિની બાબતમાં માનવી પોતાનો હસ્તક્ષેપ ન કરી શકે તેવું માને છે. જેનાં માં શિક્ષણ છે કે જેમણે શિક્ષણ મેળવ્યુ છે તે વસ્તી વૃધ્ધિની ઘટનામાં પુરૂષ નિર્ણાયક છે તેમ માનશે નહીં કે ઈશ્વર તેમજ વસ્તી વૃધ્ધિ માટે જવાબદાર કારણો આપશે તેની અસરો તપાસશે અને વસ્તી વૃધ્ધિનાં નિવારણ માટે વૈજ્ઞાનિક માર્ગો આપશે તેમજ દુષ્કાળ, જળ અછત ઈશ્વરનું વજન ઘટયું છે એટલે ઈશ્વરનાં પ્રકોપથી આ સમસ્યા સર્જાય છે તેમ માને છે આવુ અજ્ઞાની અને અંધ વલણ ધાર્મિક અને અશિક્ષીત લોકો ઉભુ કરે છે. જયારે શિક્ષણ લીધેલી વ્યકિત જળ અછત ને પર્યાવરણીય સમસ્યાનાં કારણે સર્જાયેલી સમસ્યા ગણાવશે તેમજ જળ અછત માટેનાં કારણો અસરો અને નિવારણ માટેનાં ઉપાયો દર્શાવશે આમ શિક્ષણ થી સમસ્યા નિવારણ માટેનાં યોગ્ય માર્ગો મળી રહે છે. ભારત દેશનાં રાજયોમાં કેરાલામાં સૌથી ઓછી વસ્તી છે કારણ કે ત્યાં લગ્ન વયનું પ્રમાણ ઉંચુ છે અને જન્મદર નીચો છે. આથી કેરાલાની વસ્તી ઓછી છે. આ ઓછી વસ્તીનું વલણ શિક્ષણનાં કારણે ઘડાયું છે. કારણ કે કેરાલામાં ૧૦૦ ટકા શિક્ષણ છે તેવી જ રીતે ગરીબી ઘટાડવાનાં ઉપાયો શિક્ષણમાં દર્શાવાયા છે તેમજ શિક્ષણમાં ગરીબી, બેકારી, અપરાધ વચ્ચે કયા પ્રકારનો સહ સબંધ છે તે મુલવ્યુ છે અને તેનાં નિવારણ માટે વૈજ્ઞાનિક સમજ પુરી પાડવામાં આવે છે. આમ શિક્ષણ ગઈ કાલની આજની અને આવતી કાલની સમસ્યાઓની સમજણ માટે સમસ્યાઓની અસર જોવા માટે અને સમસ્યા નિવારણનાં માર્ગો દર્શાવવા માટેની ગુરૂ ચાવી છે. શિક્ષણથી સમસ્યાઓ સમજાવાય છે અને શિક્ષણ આ માહિતીથી પ્રજાને વાકેફ કરે છે જે પોતાની સામાજીક જવાબદારી છે તેવું સમજીને આ કાર્ય કરે છે એટલે શિક્ષણની સમસ્યાનાં સંદર્ભમાં પણ જવાબદારી રહે છે.

૫. સામાજીક એકતા લાવી સંવાદીતા સ્થાપી જીવનની ગુણવત્તામાં વૃધ્ધિ કરવાની જવાબદારી:-

ઉચ્ચ શિક્ષણ સમાજની રૂઢિગત પ્રથાને અને વ્યવસ્થાને તોડી વર્ગ વિહીન જ્ઞાતિ વિહીન માનવ સમાજની સ્થાપનાં કરવા માટેનાં રસ્તા બનાવે છે સમાજમાં સામાજીક કોટીક્રમ આધારીત સ્તર રચના છે અને તેનાં કારણે સમાજમાં આંતર વિરોધો છે શિક્ષણથી વ્યકિતમાં આવા આંતરવિરોધો ઘટે છે વ્યકિતમાં નૈતિકતા સામાજીક એકતા સદાચાર જેવા માનવીય ગુણોની ખીલવણી ઉચ્ચ શિક્ષણથી થાય છે તેમજ ઉચ્ચ શિક્ષણથી ભેદભાવની વૃતિ ઘટે છે કે નાશ થાય છે જયારે સમાજમાં સામાજીક એકતાં પ્રસ્થાપિત થાય છે. શિક્ષણનાં કારણે વ્યકિત પ્રવાસીત થયો છે તેથી વૈચારીક દ્રષ્ટિએ પણ પ્રવાસીત છે. એટલે તેનાં માં જતું કરવાની ભાવના છે. જડ વલણની જગ્યાએ તેઓ નવા વલણને સ્વીકારે છે બીજા સાથે સંવાદથી નવું શીખે છે અને તેનાં થી જીવનનાં કુસંગો, વ્યસનો, અનિષ્ટો, કુપ્રથા અને દુરાચારોનું પ્રમાણ ઘટે છે અને વ્યકિત શારીરીક રીતે, માનસિક રીતે અને સામાજીક રીતે, તંદુરસ્તતા

 ISSN: 2349-6002

પ્રાપ્ત કરે છે. આથી માનવ વિકાસની શકયતા વધે છે અને વ્યકિતની અંદર નવા મુલ્યોનું પ્રસ્થાપન થાય છે. શિક્ષણ વગરનાં જીવનમાં ઢસરડો જ રહે છે. અને જે કંઈ આર્થીક ધન પ્રાપ્ત કર્યું હોય છે. તે કુપ્રથામાં, કોર્ટમાં કે કુસંગમાં વપરાય છે. શિક્ષણને કારણે વ્યકિતમાં સ્થળાંતરથી રૂપાંતરણ જેવી પ્રક્રિયા સર્જાય છે અને તે સામાજીક એકતા અને સંવાદીતાનું પ્રસ્થાપન કરે છે અને માનવજીવનની ગુણવત્તામાં વૃધ્ધિ કરે છે. ભારતમાં અનેક પ્રાંતો છે, ભાષાછે, ધર્મો છે, સંસ્કૃતિ છે. છતાં બધા મળીને સામાજીક એકતાનું વાતાવરણ સર્જે છે અને આ એકતા માટેનું વાતાવરણનું મટીરીયલ શિક્ષણ સંસ્થા દ્વારા આપવામાં આવે છે આથી જ સમાજમાં એકતા પ્રસ્થાપીત થાય છે.

૬. નવી શોધખોળ કરે અને સામાજીક પરિવર્તન સર્જવાની જવાબદારી:-

શિક્ષણનાં કારણે નવી નવી શોધખોળો ઉદ્ભવી છે, વિજળીની શોધ, વાહન વ્યવહાર, ટેલીફોનની શોધ, ગુરૂત્વાકર્ષણની શોધ વગેરે માટે, શિક્ષણ જવાબદાર છે. શિક્ષણ માનવીની અંદર સર્જનાત્મક શકિત મુકે છે. તેનાં થી માનવી નવી નવી શોધ ખોળ કરતો થયો છે માનવ જગતની જરૂરીયાતો પણ વધી રહી છે અને આ જરૂરીયાતોની પૂર્તિ કરવા માટે માનવી નવીનવી શોધખોળ કરતો થયો છે આ શોધ કે ક્રાંતી શિક્ષણનાં કારણે પરિણમી છે શિક્ષણ સંસ્થામાં જ્ઞાનની નવી નવી શાખા વિસ્તારી નવી નવી શોધ ખોળ કરે છે. અને તેનાં થી માનવ વિકાસ સર્જાય છે. જેમકે ઔધોગીક ક્રાંતીએ ઔધોગીક જગતમાં નવી નવી શોધખોળા કરી, યાંત્રીકીકરણ કર્યું, તેમજ હરિયાળી ક્રાંતિએ હાઈબ્રીડ બીયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવા વગેરેની શોધ કરી. ટુંકમાં, શિક્ષણથી નવી નવી શોધખોળો જન્મી છે. પ્રાચીન સમયમાં શોધખોળો ન હોવાને કારણે માનવીનું જીવન અંધ હતું, મંદ હતુ, પ્રવર્તમાન સમયમાં આજનો માનવી ચંદ્ર ઉપર પહોંચ્યો છે જે શિક્ષણને આભારી છે. શિક્ષણથી વ્યકિત જાગૃત થાય છે અને તેનાં મુલ્યો પ્રવાહીત થાય છે અને બદલાયેલા રામય સાથે પોતાનું અસ્તિત્વ અને સાતત્ય ટકાવવા માટે પરિવર્તનને સ્વિકારે છે. ટુંકમાં, શિક્ષીત વ્યકિત પરિવર્તીત છે. શિક્ષણથી વ્યકિતની લાઈફ સ્ટાઈલ બદલાયછે. મકાનની પેટનો બદલાય છે, આર્થિક આયામો બદલાય છે, ડ્રેસ પેટર્ન બદલાય છે, સ્વરલીપી બદલાય છે, જુનાં ખ્યાલો તુટે છે નવા વિકસેછે. ટુંકમાં, શિક્ષણથી વ્યકિતની જીવન શૈલીમાં ગુણવત્તા ઉભી થાય છે વ્યકિતની સાધનાત્મક અને ધોરણાત્મક વ્યવસ્થામાં પરિવર્તન આવે છે તેમજ વ્યકિતની વિચારસરણી રહેણીકરણી બદલાય છે. ટુંકમાં બદલાવું પડશે તેમજ કાર્યવ્યવસ્થા બદલવી પડશે તેવો ખ્યાલ શિક્ષણથી આવે છે અને માનવ પરિવર્તન સર્જાય છે તેમજ શિક્ષણ દ્વાર ઈચ્છીત દિશામાં પણ પરિવર્તન લાવી શકાય છે દા.ત. લગ્ન સંસ્થા, કુટુંબ સંસ્થા, રાજય સંસ્થા, ધર્મ સંસ્થા વગેરે માં જે બદલાયું છે. પરિવર્તન થયું છે તે શિક્ષણને

 ISSN: 2349-6002

આભારી છે.આજે વ્યકિત વસ્તીનાં સંદર્ભે અમે બે અમારૂ એક જેવી ભાવના અંકિત કરતાં થયા છે તે પણ શિક્ષણ ને આભારી છે ટુંકમાં માનવ સમાજમાં શિક્ષણ પરિવર્તનનું માધ્યમ છે. જયાં ઉચ્ચ શિક્ષણ વહેલુ પ્રવેશ્યું છે ત્યાં વધુ પ્રમાણમાં પરિવર્તન છે અને જયાં શિક્ષણ પાછળથી આવ્યું છે ત્યાં પરિવર્તનનું પ્રમાણ ઓછું છે. ટુંકમાં, શિક્ષણ સમાજમાં મુલ્યમાં અને ઈચ્છીત દિશામાં પરિવર્તન લાવવાની પોતાની જવાબદારી છે.

૭. નવા સંશોધનો કરે અને વર્તમાન પરિસ્થીતીથી પ્રજાને વાકેફ કરે:-

કોઈ પણ સમાજનો વિકાસ શિક્ષણને આભારી છે. કોઈપણ સમાજ વિશેની વાત સંશોધનથી મળી શકે છે. સંશોધનથી જે તે સમાજની પરિસ્થિતી પ્રશ્નો અસરો અને સમસ્યા નિવારણનાં ઉપાયો મેળવી શકાય સંશોધન એટલે " ધૃતરાષ્ટ્ર રૂપી સમાજમાં સંજય દ્રષ્ટિ " અને કોઈપણ સંશોધનનો અંતિમ અને પ્રથમ ધ્યેય માનવ સમાજને ઉપયોગી થવાનો રહ્યો છે આજનો માનવી જે સુખ અને સમૃધ્ધિ અનુભવે છે તે સંશોધનનાં કારણે શકય બન્યુ છે. અને કોઈપણ શિક્ષણ એ સંશોધન ઉપર આધારીત છે જે તે વિષયનો વિકાસ તે વિષય માં થતાં સંશોધનો ઉપર આધાર રાખે છે. સંશોધન એ શિક્ષણનો હાર્દ છે, પ્રાણ છે જયારે સંશોધન બંધ થશે ત્યારે શિક્ષણની જે તે વિષય શાખામાં તે વિષય શાખાનું ઔચિત્ય ઘટશે. એટલે, વિષયે પોતાનું અસ્તિત્વ અને સાતત્ય ટકાવવું હોય તો સંશોધન સતત ચાલુ રાખવું પડશે. સંશોધન થી જ વિષયનું અસ્તિત્વ રહેશે તેમજ પૂર્વે વરસાદ થતો અને કુંપળ ફુટતી આજે વરસાદ થાય છે અને જંગલો બળે છે જે એસિડ રેઈનની શરૂઆત થઈ છે અને તે પર્યાવરણીય સમતુલામાં વિક્ષેપ ઉભો થવાનાં કારણે સર્જાયું છે આ માહિતી પર્યાવરણનાં સંશોધન દ્વારા મળી તેમજ હવે પછીનાં વિકાસનાં પ્લેટફોર્મ સમુદ્ર કિનારાનાં પ્રદેશો રહેશે. તેમજ શિક્ષણમાં નવિનીકરણની જરૂરીયાત છે ? તે પણ સંશોધન દ્વારા ભારતની-ગુજરાતની-વિશ્વનાં બીજા દેશોની અંદર પ્રવર્તમાન સામાજીક, આર્થિક, રાજકીય, ધાર્મીક સાંસ્કૃતિક પરિસ્થિતી કયા પ્રકારની છે. સમાજમાં પ્રસ્તુતતા કેવી છે. તે સંશોધનથી જાણી શકાય છે. દા.ત. ભાવનગરમાં અલંગ વિકાસ રૂંધાયો છે. ગુંગળાયેલો છે તે માટે જવાબદાર કોણ છે ? તે સંશોધન થી જાણી શકાય છે. ભાવી પ્રશ્નો કયા પ્રકારનાં રહેશે ? તે પણ સંશોધનનાં અંતે ભાવિ કથન કરી શકાય છે. આમ, નવા સંશોધનો અને વર્તમાન પરિસ્થિતીથી વાકેફ શિક્ષણથી લોકોને કરી શકાય છે અને શિક્ષણ આ કાર્ય પોતાની નૈતિક જવાબદારી સમજીને કરી રહ્યું છે.

ઉપસંહાર :-

શિક્ષણ એ સમાજની આંખો છે. શિક્ષણ સમાજનો અરીસો છે. શિક્ષણ સમાજનો ધબકાર છે. શિક્ષણ સમાજ ઘડતરનું અંગ છે. શિક્ષણનાં વર્તમાન પ્રશ્નો બદલાયેલી પરિસ્થિતીએ અનેક ઉદ્ભવ્યા છે. ખરેખર

 ISSN: 2349-6002

બદલાયેલી પરિસ્થિતીઓ અને સવાલોનું વૈજ્ઞાનિક જ્ઞાન અને દ્રષ્ટિ સમાજને યોગ્ય સમયે આપવામાં આવે તો સમાજમાં ઉભા થતાં ભાવિ પ્રશ્નો ઘટાડી શકાશે અને સમાજ વિકાસનો માર્ગ ખુલ્લો કરી શકાશે તેમજ, માનવ વિકાસની તક ઉભી કરી શકાશે

સંદર્ભ ગ્રંથો :

[1] શાહબુદ્દીન વી શિક્ષણનું સમાજશાસ્ત્ર – યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ – ૧૯૯૯
[2] ડૉ. નાનક ભટ્ટ -- શિક્ષણ શાળા – પ્રવીણ પ્રકાશન રાજકોટ – ૨૦૨૫
[3] એ.જી. શાહ - જે.કે. દવે – આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન – અનડા બુક ડીપો , અમદાવાદ
[4] જોશી વિદ્યુત , સરસતી સરસતી તું મોરી મા